# દહેગામ-ઉત્કઠેશ્વર રોડ પર વુડન ફેક્ટરીમાં ભીષણ આગ





## કપડવંજ, દહેગામ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે એક લાખ લીટર પાણીનો મારો ચલાવી છ કલાકની જહેમતે આગ કાબુમાં લીધી : અંદાજીત બે કરોડનો માલ બળીને ખાખ : કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લાના દહેગામ-ઉત્કંઠેશ્વર રોડ ચિસકારી ગામ પાસે આવેલી એક મોટી વુડન ફેક્ટરીમાં મોડી રાત્રે અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગની ઘટનાથી ચિસકારી ગામમાં અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો. ફાયરબ્રિગેડને કોલ મળતા દહેગામ ઉપરાંત કપડવંજ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ગઈ હતી અને એક લાખ લીટર પાણીનો મારો ચલાવી ફાયરબ્રિગેડની ત્રણેય ટીમોએ છ કલાકની જહેમતે આગ કાબુમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ અંદાજે ૨ કરોડનો માલ બળીને ખાખ થઈ ગયો હોવાની આશંકા છે.

દહેગામ ઉત્કંઠેશ્વર રોડ ઉપર ચિસકારી ગામની સીમમાં આવેલી બેસ્ટ બિન એન્ડ પેલેટ્સ પ્રા.લી. નામની વુડન ફેક્ટરીમાં ગઈ રાત્રે બે વાગ્યાના અરસામાં કોઈ કારણોસર આગે મોટુ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. આ ફેક્ટરીમાંથી રીલાયન્સ અને અમુલ તથા સાબર ડેરીમાં માલ સપ્લાય થતો હોય છે. આ વુડન ફેક્ટરીમાં લાગેલી આગથી નાસભાગ મચી ગઈ હતી અને ગ્રામજનોના ટોળેટોળા ઉમટ્યા હતા. અરેરાટીભર્યા માહોલ વચ્ચે ફાયરબ્રિગેડની ટીમો સ્થળ પર દોડી ગઈ હતી અને એક લાખ લીટર પાણીનો મારો ચલાવી આગને ભારે જહેમતે કાબુમાં લીધી હતી. સવારે આઠેક વાગ્યે માંડ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ ફેક્ટરી માલીક વાસુદેવ રમણલાલ મોદીના જણાવ્યાનુસાર બે કરોડનુ નુકશાન થયુ હોવાનો અંદાજ છે. તો બીજી તરફ ફેક્ટરીનો ઈન્સ્યોરન્સ છે પરંતુ ફાયરનું એનઓસી પણ ન હોવાનુ જાણવા મળ્યુ છે. હજુ આગનુ કારણ જાણી શકાયુ નથી.

## શહેરના શાકમાર્કેટમાં બટાટાના ભાવ બમણા થયા

ગાંધીનગર, તા.૩૦

શહેરના શાકમાર્કેટમાં શાકભાજીમાં રાજા ગણાતા બટાટાના ભાવ બમણા થઈ જવા પામ્યા છે. નાના બાળકથી લઈ સૌ કોઈને અતિ પ્રિય તેવા બટાટાના ભાવમાં અચાનક ઉછાળો આવતા નાગરીકો



પણ હેરાન થઈ ગયા છે. શાકમાર્કેટને પણ ભાવનું ગ્રહણ લાગ્યું હોય તેમ લાગી રહ્યું છે, ડુંગળીનો ભાવ માંડ કાબુમાં આવતા બટાકાનો બમણો થતા ગ્રાહકો બુમરાડ મચાવે છે. શાકમાર્કેટમાં રૂ. ૮ થી ૧૦ ના ભાવે કિલો વેચાતા બટાકા અત્યારે હાલ રૂ.૨૦ માં કિલોએ વેચાય છે. ત્યારે આગામી સમયમાં પણ બટાટાનો ભાવ વધે તેવી શક્યતાઓ શાકમાર્કેટમાં વર્તાઈ રહી છે. એક બાજુ કાતરી, વેફર્સ, સહિતની ચીજવસ્તુ બનાવવા માટેની સિઝન આવી છે તેવા સમયે બટાટાના ભાવ વધતા ગૃહિણીઓએ ચીજવસ્તુ બનાવવાનું હાલના સમયે માંડી વાળ્યું છે.

ગુજરાતમાં બનાસકાંઠાનું ડીસા શહેર બટાટાનું હબ ગણાય છે. બટાટાની સૌથી વધુ ખેતી ડીસાના આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડુતો દ્વારા કરવામાં આવે છે.ત્યારે ગાંધીનગર જિલ્લાનું દહેગામ પણ બટાટાની ખેતી માટે અગ્રેસર રહેવા પામ્યું છે.

આ બંન્ને શહેરમાં બટાટાનું લાખો કિલોમાં ઉત્પાદન થાય છે, બટાટાનો ભાવ ન મળતા ખેડુતોને બીયારણ, મજુરી તેમજ ટ્રેકટરનું ભાડું પણ ન નીકળતા બટાટા માર્ગ વચાળે નાંખી દે તેવી સ્થિતિ પણ ઉભી થવા પામે છે. તેના સ્થાને બટાટાનો ભાવ બમણો થતા કયાંક સંગ્રહખોરી થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. નવા બટાટાની સિઝન હોવાથી કોલ્ડ સ્ટોરેજમાંથી બટાટાનો તમામ જુનો જથ્થો વેપારીઓએ વેચાણ કરી દીધો છે. બટાટાનું વાવેતર ઓછા પ્રમાણમાં હોવાથી બટાટાનો પુરવઠો જોઈએ તેટલી માત્રામાં નથી. જેને પગલે શહેરના શાકમાર્કેટમાં બટાટાની બુમો ઉઠવા પામી છે. બટાટાની કાતરી, વેફર્સ, સહિતની વસ્તુની સિઝન હોવાથી ગૃહિણીઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ત્યારે બટાટાના ભાવને પગલે કેટલીક હોટલ, રેસ્ટોરન્ટમાંથી બટાટાનું શાક પણ ગાયબ થઈ જવા પામ્યું છે. ત્યારે શહેરમાં ૮ થી ૧૦ વેચાતા બટાટા રૂ.૨૦ માં વેચાતા થઈ ગયા છે ત્યારે વેપારીઓ હજુ પણ અગામી સમયમાં ભાવ વધશે તેવી શંકા સેવી રહ્યા છે.

## સે. ૨૬માં શિક્ષકના મકાનમાં ધોળે દિવસે ૭ લાખની ઘરફોડ

**પોણા બે કલાકમાં તસ્કરો દરવાજાનો નકુચો અને ઈન્ટરલોક તોડીને હાથફેરો કરી ગયા : ૨૭ તોલા સોનાના દાગીના, બે કિલો ચાંદી અને રોકડ મળી ૭ લાખની મત્તા તસ્કરો સાફ કરી ગયા**

ગાંધીનગર, તા. ૩૦

શહેરની શાળામાં શિક્ષક તરીકે સેવા આપતા રાજેન્દ્રસિંહ બારડના સે. ૨૬ કિશાનનગર ખાતે આવેલા મકાનમાં આજે સવારે તસ્કરો ત્રાટક્યા હતા. પોણા બે કલાકના સમયગાળામાં તસ્કરો મકાનના દરવાજાનુ ઈન્ટરલોક અને નકુચો તોડીને અંદર ઘુસી મકાનમાંથી ૨૭ તોલા સોનાના દાગીના, બે કિલો ચાંદી અને રૂ. ૮ હજાર રોકડ મળી કુલ રૂ. ૭ લાખની મત્તાની ચોરી કરી ગયા હતા. શિક્ષક સવારે પરિવાર સાથે મહેસાણા ખાતે એક પ્રસંગમાં જવા નિકળ્યા ને પોણા બે કલાકમાં પડોશીનો ફોન આવ્યો કે મકાનના તાળા તુટેલા છે. શિક્ષકની ફરિયાદ આધારે સે. ૨૧ પોલીસે ઘરફોડનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૬ કિશાનનગરમાં પ્લોટ નં. ૭/૧માં રહેતા રાજેન્દ્રસિંહ ગીરધરસિંહ બારડ કડી સ્કૂલમાં વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે સેવા આપે છે. આજે રજાના દિવસે રાજેન્દ્રસિંહ સવારે પોણા દસ વાગ્યે પોતાના પરિવારને ગાડીમાં બેસાડી મકાનને તાળુ મારીને મહેસાણા ખાતે પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. પોણા દસે ઘરેથી નીકળેલા રાજેન્દ્રસિંહને સાડા અગિયાર વાગ્યે પોણા બે કલાકમાં પડોશીનો ફોન આવ્યો કે તેમના મકાનના દરવાજાનુ ઈન્ટરલોક અને નકુચો તુટેલો છે. રસ્તામાંથી પરત ઘરે આવીને રાજેન્દ્રસિંહે જોયુ તો તસ્કરો તેમના મકાનમાં કળા કરી ગયા હતા. તિજોરીના તાળા તોડીને અંદરથી સોનાની બંગડી, મંગળસુત્ર, મગમાળા, પાટલા, લકી, ચેન, વીંટીઓ, બુટ્ટી અને ચુનીઓ મળીને કુલ ૨૭ તોલા સોનાના દાગીનાઓ તથા ચાંદીના ગણપતિની અને લક્ષ્મીજીની મુર્તિ ઉપરાંત ચાંદીના સિક્કાઓ મળીને બે કિલો ચાંદી અને રૂ. ૮ હજાર રોકડા મળીને કુલ રૂ. ૬.૯૮ લાખની મત્તાની ચોરી કરી ચોરો રફુચક્કર થઈ ગયા હતા. શિક્ષક રાજેન્દ્રસિંહ બારડની ફરીયાદ લઈ સે. ૨૧ પીઆઈ ટી.એલ. વાઘેલાએ દિવસની ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ ટીમ અને ડૉગ સ્કવોર્ડ બોલાવી તપાસ શરૂ કરી છે.

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વાર્ષિકોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર પાસેના મોટા ચિલોડા ખાતેની ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વાર્ષિકોત્સવ 'મલ્હાર-૨૦૧૮'નું તા. ૩જી એપ્રિલ મંગળવારના રોજ સ્કૂલ કેમ્પસ ખાતે આયોજન કરાયું છે. આ કાર્યક્રમનો સાંજે ૭ કલાકે પ્રારંભ થશે. જેમાં બાળ કલાકારોની ભવ્ય સાંસ્કૃતિક કલાકૃતિઓ રજૂ કરવામાં આવશે.

## વિજ્ઞાન કોલેજના ડૉ. યુ.પી. તરપદાને 'શ્રેષ્ઠ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર'નો એવોર્ડ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ પી. તરપદાને આજે વર્ષ ૨૦૧૭-૧૮ના ગુજરાત યુનિવર્સિટીના 'શ્રેષ્ઠ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર' તરીકે એવોર્ડ પ્રાપ્ત થયો છે. ડૉ. તરપદાની આ સિદ્ધિને સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાપા સહિત કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. યુ.પી. તરપદાને શ્રેષ્ઠ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર તરીકેના એવોર્ડ માટે પસંદગી ૭૪ કોલેજોનો પ્રોગ્રામ ઓફિસર્સ પૈકી કરવામાં આવી હતી. ડૉ. તરપદાએ એનએસએસના પ્રોગ્રામ ઓફિસર તરીકે પ્રસંશનીય યોગદાન આપ્યું છે. તેમણે હાથ ધરેલી પ્રવૃત્તિઓમાં વર્ષ ૨૦૧૪-૧૫માં ગાંધીનરના પોર, લેકાવાડા, સ્વર્ણિમપુર, શિહોલી વગેરે સ્થળે મળીને કુલ ૧૪૦ ટોયલેટ બંધાવડાવ્યાં છે. આ



ઉપરાંત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં મળીને વધુ ૧૫૦ ટોઈલેટ્સનું નિર્માણ કરવામાં આવ્યુ છે. તેમની પ્રવૃત્તિઓમાં રક્તદાન શિબિરમાં ૮૦ થી વધુ રક્ત યુનિટ્સનુ કલેકશન, ૨૮૫થી વધુ વૃક્ષોનું વાવેતર તથા તેમના યુનિટના સ્વયંસેવકો દ્વારા ગરીબ બાળકોને નિયમિત ભણાવવા જેવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો જેવા કે મતદાતા જાગૃતિ રેલી, એઈડ્સ અવેરનેસ પ્રોગ્રામ, મહિલારોગ સંબંધી સેમિનાર વગેરેનું આયોજનનો સમાવેશ થાય છે. ડૉ. યુ.પી. તરપદાની પસંદગીના કારણે સમગ્ર કોલેજ સંકુલ અને એનએસએસ યુનિટ ગૌરવની લાગણી અનુભવી રહ્યું છે.

## આજે ડૉ. કેશુભાઈ દેસાઈને હિંદી સેવી સારસ્વત સન્માન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈને તા. ૩૧મી એપ્રિલ શનિવારના રોજ રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે 'હિંદી સેવી સારસ્વત સન્માન' એનાયત થશે. ગાંધીનગર ખાતેના રાજભવનમાં સાંજે ૫.૧૫ કલાકે આ કાર્યક્રમનો પ્રારંભ થશે. ડૉ. કેશુભાઈ દેસાઈની સાથે સુરતના તબીબ સાહિત્યકાર ડૉ. સુષમા ઐયરને પણ આ સન્માન એનાયત થનાર છે.

મહારાષ્ટ્રના વર્ધા ખાતેથી કાર્યરત અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થાના ઉપક્રમે આયોજિત આ સન્માન સમારોહ ગાંધીનગર સાહિત્ય સભા અને સુરતના રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો છે. શહેરની સાહિત્ય સભાના સભ્યો તથા ભાવકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

## આજે હનુમાનજીની જન્મજયંતિની ઉજવણી થશે

# કેમ્પ હનુમાનજીની શોભાયાત્રા શહેરમાં ભારે ધામધૂમથી યોજાઈ

અમદાવાદ,તા. ૩૦

આવતીકાલે ચૈત્રી સુદ પૂનમને તા.૩૧મી માર્ચે શ્રીરામચંદ્રજી ભગવાનના પરમભકત શ્રી હનુમાનજી દાદાની જન્મજયંતિ હોઈ તેની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ એક દિવસ પહેલાં એટલે કે, આજે શ્રી હનુમાનજી કેમ્પ મંદિર ટ્રસ્ટ દ્વારા કેમ્પ હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ વખતની દાદાની શોભાયાત્રામાં દક્ષિણ ભારતની થીમ થૈયમને રજૂ કરવામાં આવી હતી. જેમાં ભગવાન શિવજીના સંપૂર્ણ પરિવાર ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ સિવાય શોભાયાત્રામાં ૨૫થી વધુ ટ્રકો, કાર સહિતના નાના મોટા વાહનો અને અનેક આકર્ષણોએ પણ રંગ જમાવ્યો હતો. આજની દાદાની શોભાયાત્રામાં હજારો નાગરિકો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા. કેમ્પ હનુમાનજીની શોભાયાત્રા અને હનુમાનજી જયંતિને લઈ સમગ્ર શહેરમાં જાણે દાદાની ભકિતનો અનેરો માહોલ છવાયો હતો. હવે આવતીકાલે હનુમાનજયંતિ નિમિતે કેમ્પ હનુમાનજી મંદિર ખાતે શ્રીરામભકત હનુમાનજી દાદાનો જન્મોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે, આ પ્રસંગે કેમ્પ હનુમાનજી



દાદાને ૪૫૦ કિલો લાડુનો પ્રસાદ ધરાવવામાં આવશે. શ્રી કેમ્પ હનુમાનજી મંદિરના ટ્રસ્ટીઓ, પૂજારી પરિવાર અને હજારો શ્રધ્ધાળુ ભકતોની હાજરીમાં આજે વહેલી સવારે આઠ વાગ્યે કેમ્પ હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન આર્મીના મેજર જનરલ અનિલ પુરી દ્વારા કરાવવામાં આવ્યું હતું. હનુમાનજીની શોભાયાત્રામાં ૨૫થી વધુ ટ્રકો, કાર સહિતના નાના મોટા વાહનો અને અનેક આકર્ષણોએ રંગ જમાવ્યો હતો. કેમ્પ હનુમાનજી દાદાની આ ભવ્ય શોભાયાત્રા નિજ મંદિરેથી નીકળી શાહીબાગથી સુભાષબ્રીજ, આશ્રમરોડ, ડિલાઈટ, પાલડી થઈ બપોરે વાસણા વાયુદેવતાજીના મંદિરે પહોંચી હતી. જયાં કેમ્પ હનુમાનજી દાદાએ તેમના પિતા વાયુદેવતાજીને પ્રણામ કરી આશીર્વાદ લીધા હતા. બપોરે વાસણા સ્થિત વાયુદેવતાજી મંદિર ખાતે મહાપ્રસાદનું પણ આયોજન કરાયુ હતું. ત્યારબાદ દાદાની શોભાયાત્રા વાસણાથી અંજિલ ચાર રસ્તા, ધરણીધર, વિજય ચાર રસ્તા, નવરંગ સ્કૂલ, સરદાર પટેલ બાવલા, ઉસ્માનપુરા, જૂના વાડજ થઈ શ્રી કેમ્પ હનુમાનજી નિજ મંદિરે પરત ફરી હતી.

## ડમ્પિંગ સાઈટ મુદ્દે ઝુંપડપટ્ટી ખસેડવાના નિર્ણય સામે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા વિરોધ

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર જીઈબી પાસે રહેતા હજ્જારો શ્રમજીવીઓને ખસેડીને તે સ્થાને ડમ્પિંગ સાઈટ બનાવવા અંગે તંત્ર વિચારણા કરી રહ્યું છે. ત્યારે આ શ્રમજીવીઓને આ જગ્યા પરથી નહીં હટાવવા માટે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવ્યો છે. જયાં સુધી શ્રમજીવીઓ માટે રહેઠાણની અન્યત્ર વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી તેમને હટાવવામાં ન આવે તેવી માંગ ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવી છે. જયારે રહેઠાણ માટેનો તેમનો માનવ હક્ક અધિકારનો ભંગ થાય છે તેની નોંધ લેવા સંસ્થાના મહામંત્રીએ અનુરોધ કર્યો છે.

## વર્લ્ડ ઈન્બોકસ એકેડમી ગાંધીનગર દ્વારા ફ્રી માર્ગદર્શન શિબિર યોજાશે

**ટાઉનહોલ ખાતે કરન્ટ અફેર્સ મેગા લેકચરનું પણ આયોજન**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં સૌથી વધુ વંચાતા પબ્લિકેશન દ્વારા સંચાલિત વર્લ્ડ ઈનબોક્સ એકેડમી ગાંધીનગર દ્વારા આગામી તા. ૬ એપ્રિલના રોજ શહેરના ટાઉનહોલ ખાતે ફ્રી કરન્ટ અફેર્સ મેગા લેકચર અને માર્ગદર્શન સેમીનારનું આયોજન સવારથી સાંજ સુધી કરવામાં આવ્યું છે. આ માર્ગદર્શન સેમીનારમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ વર્લ્ડ ઈનબોકસ એકેડમી સે-૬ શાંતિ આર્કેડ પર રૂબરૂ રજીસ્ટ્રેશન તા.૩ એપ્રિલ સુધી કરાવી શકે છે.

વર્લ્ડ ઈનબોકસ એકેડમી દ્વારા આયોજીત ફ્રી કરન્ટ એફેર્સ મેગા લેકચર અને માર્ગદર્શન સેમીનારમાં રૂષીભાઈ ચલાળીયા (તંત્રી, વર્લ્ડ ઈનબોકસ મેગેઝીન), દર્શન રાવલ (કરન્ટ અફેર્સ સ્પેશ્યાલીસ્ટ), તેમજ પ્રો. પારસ પરમાર (મોટીવેશન સ્પીકર),તમન્ના ઝાલોડીયા, મિતેશ વસાવા ઉપસ્થિત રહેશે. જયારે જાન્યુઆરી, માર્ચ, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૧૮ના ૩ મહિનાની અગત્યની રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ઘટનાઓ સરકારી યોજનાઓ, મુદાઓનું લેખિત મટીરીયલ્સ, કરન્ટ અફેર્સ ટેસ્ટ પેપર તથા આન્સર કી આપવામાં આવશે. વિવિધ મુંઝવણો પર ચર્ચા અને ચિંતન કરાશે. સરકારી પરિક્ષાના બદલાયેલા વલણ, પ્રશ્નોના સ્વરુપ અને પ્રકારો પર ચર્ચા સહિત સફળ ઉમેદવારો દ્વારા વર્તમાન સમયની પરિક્ષાલક્ષી જરૂરીયાતોની સમજણ આપવામાં આવશે. આ પ્રસંગે મોટીસંખ્યામાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા ઉમેદવાર ભાઈ બહેનો ઉપસ્થિત રહેશે.

## હનુમંત જન્મોત્સવની ઉજવણી ધામધુમથી કરાશે

ગાંધીનગર,તા.૩૦

ચૈત્રી પૂનમ હનુમાન જયંતિ અને શનિવારનો અનોખો સંયોગ સર્જાયો છે. જેથી હનુમંત ભકતોમાં અનેરો આનંદ છવાયો છે. શહેરમાં આવેલા હનુમાનજીના મંદિરો માં સવારથી ભકતોની ભીડ જોવા મળશે અને જય શ્રીરામના નારાથી મંદિરો ગુંજી ઉઠશે. ત્યારે સુંદર ધામ પરિવાર દ્વારા હનુમંત જયંતિના પાવન દિવસે સવારે ૯ થી ૧૨ કલાકે સુંદર કાંડના પાઠ તેમજ હનુમાનજી મંદિર રાંધેજા ખાતે બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે રામજી મંદિર સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે. ત્યારબાદ ગાયત્રી મંદિર પાસે સેકટર-૧ સી પ્લોટ નં-૪૭૮-૨ ખાતે રાત્રે ૮.૩૦ થી કલાક થી ભારતી બાપુની વ્યાસપીઠે ભવ્ય સુંદરકાંડના પાઠ યોજાશે. તો આ શુભ પ્રસંગે સૌ ધર્મપ્રેમી નાગરીકોને ઉપસ્થિત રહેવા સુંદરધામ પરિવાર દ્વારા હાર્દિક અનુરોધ કરાયો છે.